# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-11-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

1. **મન કી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું- દેશમાં MRO સુવિધાનું ઉદ્ઘાટન ભારતની નવી વિચારસરણીનું પ્રતિબિંબ.**
2. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે , ભારત મધ ઉત્પાદન ક્ષેત્રે નવા વિક્રમો સર્જી રહ્યું છે.**
3. **આવતીકાલથી શરૂ થતાં સંસદના શિયાળુ સત્ર પહેલા આજે સર્વપક્ષીય બેઠક.**
4. **દિલ્હી પોલીસની આર્થિક ગુના શાખાએ નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસ નેતાઓ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી વિરુદ્ધ નવી FIR દાખલ કરી**
5. **ચક્રવાતી વાવાઝોડું દિતવાહ તમિલનાડુ-પુડુચેરી દરિયાકાંઠાની નજીક આગળ વધ્યું**
6. **સૈયદ મોદી ઇન્ટરનેશનલ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં આજે ભારત બે ફાઇનલ મેચ રમશે.**

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે , હૈદરાબાદમાં વિશ્વની સૌથી મોટી એન્જિન MRO સુવિધાનું ઉદ્ઘાટન, ભારતીય નૌકાદળમાં INS માહેનો સમાવેશ અને દેશમાં સ્કાયરૂટના ઇન્ફિનિટી કેમ્પસનું ઉદ્ઘાટન જેવી તાજેતરની ઘટનાઓ ભારતની નવી વિચારસરણી, નવીનતા અને યુવા શક્તિનું પ્રદર્શન કરે છે.

આજે આકાશવાણી પરથી પ્રસારીત થયેલા મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો વ્યક્ત કરતા શ્રી મોદીએ કહ્યું કે હૈદરાબાદમાં દુનિયાના સૌથી મોટા લીપ એન્જિન એમઆરઓ ફેસિલિટીનું ઉદ્ઘાટન સાથે ભારતે આ ક્ષેત્રમાં મોટું પગલું ભર્યું છે.

## PM--NEW-VISION--INS-SKYROOT

શ્રી મોદી કહ્યું કે ભારતે કૃષિ ક્ષેત્રમાં એક મોટું સીમાચિહ્ન હાંસલ કરીને ઐતિહાસિક રેકોર્ડ બનાવ્યો છે.

## MODI-ON-FOOD-PRODUCTION

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે ભારત મધ ઉત્પાદનમાં નવા વિક્રમો સ્થાપી રહ્યું છે. છેલ્લા 11 વર્ષમાં દેશમાં મધનું ઉત્પાદન લગભગ બમણું થયું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં મધની નિકાસ ત્રણ ગણાથી વધુ વધી છે. શ્રી મોદીએ ઉમેર્યું કે હની મિશન કાર્યક્રમ હેઠળ , ખાદી અને ગ્રામોદ્યોગે લોકોમાં 2.25 લાખથી વધુ મધમાખીના બોક્સનું વિતરણ કર્યું છે , જેનાથી હજારો લોકો માટે રોજગારીની નવી તકો ઉભી થઈ છે.

પ્રાકૃતિક ખેતી પરની મેગા કોન્ફરન્સ અંગે બોલતા , શ્રી મોદીએ કહ્યું કે તેઓ દક્ષિણ ભારતમાં કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવા માટે થઈ રહેલા પ્રયાસોથી ખૂબ પ્રભાવિત થયા છે

## PM-MODI-ON-NATURAL-FARMING

પ્રધાનમંત્રીએ કહ્યું કે કુરુક્ષેત્રના બ્રહ્મ સરોવર ખાતે આંતરરાષ્ટ્રીય ગીતા મહોત્સવમાં યુરોપ અને મધ્ય એશિયા સહિત વિશ્વભરના ઘણા દેશોના લોકોએ ભાગ લીધો હતો.

પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારતે રમતગમતની દુનિયામાં પણ પોતાનું નામ બનાવ્યું છે.

તેમણે કહ્યું કે, વિશ્વના અનેક દેશોએ શિયાળૂ પર્યટનને , પોતાની અર્થવ્યવસ્થાનો આધાર બનાવી દીધો છે

## PM-MODI-ON-WINTER-TOURISM

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ALL-PARTY MEETING

સંસદના શિયાળુ સત્ર પહેલા સરકારે આજે નવી દિલ્હીમાં સર્વપક્ષીય બેઠક બોલાવી છે.સંસદ ભવનના એનેક્સી ખાતે હાલ બેઠક ચાલી રહી છે. કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આ બેઠકની અધ્યક્ષતા કરી રહ્યા છે.

રાજ્યસભામાં ગૃહના નેતા જે પી નડ્ડા , કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ, સંસદીય બાબતોના રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલ અને ડૉ. એલ મુરુગન બેઠકમાં હાજર છે. કોંગ્રેસ નેતા ગૌરવ ગોગોઈ, ડીએમકે નેતા તિરુચી શિવ, ટીએમસી નેતા ડેરેક ઓ 'બ્રાયન, શિવસેના નેતા નરેશ મ્હસ્કે અને અન્ય લોકો આ બેઠકમાં ભાગ લઈ રહ્યા છે.

સંસદનું શિયાળુ સત્ર આવતીકાલથી શરૂ થશે અને 19 ડિસેમ્બર સુધી ચાલુ રહેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# NATIONAL HERALD-FIR

દિલ્હી પોલીસની આર્થિક ગુના શાખા એ નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસ નેતાઓ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી વિરુદ્ધ નવી FIR દાખલ કરી છે.

ED ની ફરિયાદ બાદ દાખલ કરાયેલી FIRમાં નેશનલ હેરાલ્ડ અખબારના પ્રકાશક એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ ની સંપત્તિના સંપાદન સાથે સંબંધિત ગુનાહિત કાવતરું, છેતરપિંડી અને વિશ્વાસઘાતનો આરોપ મૂકવામાં આવ્યો છે.

EDનો દાવો છે કે એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડની ₹988 કરોડથી વધુની સંપત્તિ ખાનગી કંપની યંગ ઇન્ડિયનને માત્ર ₹50 લાખમાં ટ્રાન્સફર કરવા માટે એક યોજના ઘડવામાં આવી હતી. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી યંગ ઇન્ડિયનમાં સંયુક્ત રીતે 76 ટકા હિસ્સો ધરાવે છે અને તેમને પ્રાથમિક લાભાર્થી તરીકે નામ આપવામાં આવ્યું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

# DELHI--MCD-ELECTIONS

દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના બાર વોર્ડની પેટાચૂંટણી માટે આજે મતદાન ચાલી રહ્યું છે. મતદાન સવારે 7:30 વાગ્યે શરૂ થયું હતું અને સાંજે 5:30 વાગ્યા સુધી ચાલુ રહેશે. મત ગણતરી 3 ડિસેમ્બરે થશે.

નિષ્પક્ષ મતદાન સુનિશ્ચિત કરવા માટે , 143 મતદાન મથકો પર 580 મતદાન મથકો બનાવવામાં આવ્યા છે. વધુમાં , 2,000 થી વધુ પોલીસ કર્મચારીઓ, 580 હોમગાર્ડ્સ અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોની 13 કંપનીઓ મતદાન મથકો પર તૈનાત કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CYCLONE DITWAH

ચક્રવાતી વાવાઝોડું દિતવાહ તમિલનાડુ-પુડુચેરી દરિયાકાંઠાની નજીક આગળ વધી રહ્યું છે . જેના કારણે ગઈકાલ રાતથી પુડુચેરી અને કરાઈકલમાં હળવોથી મધ્યમ વરસાદ થઈ રહ્યો છે. આજે સવારે સાડા આઠ વાગ્યા સુધીમાં પુડુચેરીમાં **7.53** સેમી જ્યારે કરાઈકલમાં **19.1** સેમી વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે ચક્રવાત ઉત્તર તરફ આગળ વધવાનું ચાલુ રાખે તેવી શક્યતા છે આને આગામી **24** કલાક દરમિયાન ઉત્તર તમિલનાડુ-પુડુચેરી દરિયાકાંઠાની સમાંતર રહેશે.

વિભાગે આ વાવાઝોડું આજે બપોર સુધીમાં દરિયાકાંઠાથી **70** કિમી નજીક અને આજે સાંજ સુધીમાં લગભગ **30** કિમી નજીક આવવાની શક્યતા દર્શાવી છે. જો કે તે જમીન પર નહીં આવે. પુડુચેરી અને કરાઈકલમાં અધિકારીઓ સતર્ક છે. ભારે પવન આને વરસાદ હોવાના કારણે માછીમારોને દરિયામાં ન જવાની સલાહ આપવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# BADMINTON-MODI FINALS

બેડમિન્ટનમાં સૈયદ મોદી ઇન્ટરનેશનલ સુપર 300 ટુર્નામેન્ટની ફાઇનલ મેચ આજે બપોરે લખનૌમાં રમાશે. ભારતીય ખેલાડી કિદામ્બી શ્રીકાંત, મહિલા ડબલ્સની ટોચની ક્રમાંકિત ગાયત્રી ગોપીચંદ અને ટ્રીસા જોલી આજે ઘરઆંગણાની મેચમાં રમશે.

શ્રીકાંત પોતાના જ દેશના મિથુન મંજુનાથને પરાજય આપીને પુરુષ સિંગલ્સની ફાઇનલમાં પહોંચ્યા છે. આજે તે હોંગકોંગના ખેલાડી સામે રમશે. મહિલા ડબલ્સમાં , ગાયત્રી ગોપીચંદ અને ટ્રીસા જોલીની જોડી જાપાનની કાહો ઓસાવા અને માઈ તાનાબે સામે રમશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CRICKET - IND VS SA ODI

ક્રિકેટની ત્રણ મેચની ODI શ્રેણીના પ્રથમ મુકાબલામાં આજે, દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો.

દક્ષિણ આફ્રિકા રાંચીના JSCA ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે થોડીવારમાં મેચ શરૂ થશે

. . . . . . . . . . . . . . . .

# BSF- JAMMU BORDER

સરહદ સુરક્ષા દળ BSF એ જમ્મુમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર તકેદારી વધુ મજબૂત બનાવી છે. હવામાન બદલાવાથી અને વહેલી સવારે ધુમ્મસને કારણે આંતરરાષ્ટ્રીય સરહદ પર દૃશ્યતા ઓછી થઈ ગઈ હોવાથી આ નિર્ણય લેવાયો છે.

શિયાળાની સ્થિતિ પેટ્રોલિંગને વધુ પડકારજનક બનાવતી હોવાથી , મહિલા સૈનિકો સહિત BSF કર્મચારીઓએ કોઈપણ સંભવિત ઘૂસણખોરીના પ્રયાસોનો સામનો કરવા માટે ચોવીસ કલાક દેખરેખ વધારી દીધી છે. વધારાના દેખરેખ સાધનો સાથે વારંવાર પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .